

તીર્થક્ષેત્ર શ્રી ચંદેરીજી

# ચંદેરી

| | | |
|---|---|---|
| ● આવાગમન................: | રેલ્વે સ્ટેશન : | લલિતપુર - ૩૩ કિ.મી.,<br>મુંગાવલી - ૩૮ કિ.મી.,<br>અશોકનગર - ૫૮ કિ.મી. |
| | બસ સ્ટેશન : | ચંદેરી |
| ● નજીકના મુખ્ય શહેર ......: | લલિતપુર - ૩૩ કિ.મી., મુંગાવલી - ૩૮ કિ.મી.,<br>અશોકનગર - ૫૮ કિ.મી. | |
| ● નજીકના તીર્થક્ષેત્રો.........: | થુબૌનજી - ૨૨ કિ.મી., સેરૌનજી - ૩૦ કિ.મી.,<br>બૂઢી ચંદેરી - ૨૦ કિ.મી., દેવગઢ - ૬૨ કિ.મી.,<br>ગોલાકોટ - ૭૦ કિ.મી., ખનિયાંધાના - ૬૦ કિ.મી.,<br>પંચરાઈ - ૭૫ કિ.મી., આમનચાર - ૨૯ કિ.મી.,<br>બિઠલા - ૧૯ કિ.મી., ભામૌન - ૧૬ કિ.મી.,<br>ભયાદાંત - ૧૪ કિ.મી. | |

ખન્દારગિરિથી ચંદેરી ફકત ૨ કિ.મી. છે. અહીં ચોવીસ તીર્થંકર ભગવંતોની ચોવીસ દેરીઓ ભવ્ય અને ખાસ દર્શનીય છે. ચોવીસે ચોવીસ ભગવાન ૫-૫ ફીટના પદ્માસન જુદી-જુદી દેરીઓમાં બિરાજમાન કરેલા છે. સામાન્ય રીતે બધે જ્યાં ચોવીસ તીર્થંકરોની મૂર્તિઓ હોય છે તે લગભગ ૧ થી ૧।। ફીટની હોય છે. જ્યારે અહીં ૫-૫ ફીટના ભગવાન છે. તેથી આ ચોવીસી અવશ્ય દર્શનીય છે. વળી દરેક પ્રતિમાજીના આરસનો વર્ણ જેવો શાસ્ત્રોમાં જૂદો-જૂદો બતાવ્યો છે, તેવા જુદા-જુદા વર્ણના પ્રતિમાજી છે એટલે કે બદામી વર્ણના, શ્યામ વર્ણના, સફેદ વર્ણના- તેમ આરસનો જૂદો-જૂદો રંગ જે-તે ભગવાનના વર્ણ મુજબ છે.

ચંદેરી અત્યારે નાનુ ગામ છે. પણ ભૂતકાળમાં મોટું શહેર હશે તેમ માનવામાં આવે છે. તેમજ મુસલમાનોએ આ શહેર ઉપર ભૂતકાળમાં આક્રમણ કર્યું હશે તેમ માનવામાં આવે છે. ચંદેરી પ્રાચીન તીર્થક્ષેત્ર છે. હાલ અહીં દિગંબર જૈનના ૬૦ જેટલા ઘર છે. અહીં એક જુદા પ્રકારની સાડી બને છે, જે પ્રખ્યાત છે. ચંદેરીની સાડી તરીકે તે ખૂબ જ વેચાય છે.

દેરી નં. ૧ : રંગબેરંગી કાચની સુશોભિત વેદી ઉપર ચોવીસ ભગવંતો બિરાજમાન કરેલ છે, જે ખરેખર દર્શનીય છે.

દેરી નં. ૨/૩ : અહીં પંચધાતુના મોટા પંચમેરૂ છે. અહીં પણ રંગબેરંગી વેદી ઉપર ચોવીસ ભગવંતો બિરાજમાન કર્યા છે. આ મંદિરમાં રંગબેરંગી કાચના સ્થંભો ખૂબ આકર્ષક છે. તે સિવાય આ મંદિરમાં ઐતિહાસિક-ધાર્મિક રંગીન ચિત્રપટો પણ છે.

દેરી નં. ૪ : આ મંદિરમાં પ્રાચીન મૂર્તિઓ છે.

દેરી નં. ૫ : આ મંદિરમાં નાના-મોટા થઈને ૨૧ પદ્માસન અને પ્રાચીન પ્રતિમાજી છે. ભગવંતોનો દરબાર ભરાયો હોય તેવું દશ્ય લાગે છે.

દેરી નં. ૬ : અહીં પ્રાચીન મૂર્તિઓ છે. તે સિવાય ઉપર લખ્યું તેમ ચોવીસ તીર્થંકર ભગવંતોની ચોવીસ મોટી દેરીઓ છે કે જેમાં ૫-૫ ફીટના પદ્માસન દરેક ભગવાન છે. જેનું વર્ણન ઉપર શરૂઆતમાં વિગતથી લખેલ છે. આ ચોવીસી ભારતભરમાં પ્રખ્યાત છે. તેથી આ દેરીના દર્શન કરવા ખાતર ચંદેરી અવશ્ય આવવું જોઈએ.

દેરી નં. ૭ : અહીં પદ્માસન તથા ખડ્ગાસન ઘણા ભગવાન છે. સમયના અભાવે વિગત લખી શકાઈ નથી.

દેરી નં. ૮ : અહીં શ્રી પાર્શ્વનાથ ભગવાન ૫ ફીટના છે. તે સિવાય બીજા ઘણા નાના પ્રતિમાજી છે.

દેરી નં. ૯ : પંચધાતુના ભગવાન છે.

મુમુક્ષુને સત્સમાગમ વિગેરેનો શુભ ભાવ આવે છે. પણ સાથોસાથ અંદરમાં શુદ્ધતાનું ધ્યેય - શોધકવૃત્તિ ચાલુ રહે છે. જે શુદ્ધતાને ધ્યેયરૂપે કરતો નથી અને પર્યાયમાં ગમે તેટલી અશુદ્ધતા હોય તેથી મારે શું ? એમ જે સ્વછંદપણે વર્તે છે તે શુષ્ક જ્ઞાની છે. શ્રીમદ્ રાજચંદ્રજી કહે છે કે -

“કોઈ ક્રિયા જડ થઈ રહ્યા, શુષ્ક જ્ઞાનમાં કોઈ;
માને મારગ મોક્ષનો, કરૂણા ઉપજે જોઈ.”

કોઈ જીવો રાગની ક્રિયામાં જડ જેવા થઈ રહ્યા છે અને કોઈ જીવો એકલા જ્ઞાનની, ઉઘાડની વાતો કરે અને સ્વછંદ સેવે તે નિશ્ચયાભાસી છે. જેને પાપનો ભય નથી. પરથી અને રાગથી જેને ઉદાસીનતા આવી નથી. તે જીવો લુખા છે - શુષ્ક જ્ઞાની છે. ભાઈ ! પાપનું સેવન કરીને તો નરકમાં જઈશ - તિર્યંચમાં અવતાર થશે. કુદરતનાં નિયમ વિરૂદ્ધ કરીશ તો કુદરત તને છોડશે નહીં. માટે હૃદયને ભીંજાયેલું રાખવુ.

o o o o o

તીવ્ર જિજ્ઞાસા, ધગશ અને તાલાવેલી જોઈએ. આ સંસારનો રસ છૂટી જાય તો જરૂર આત્મસ્વરૂપ પ્રગટે.